સોમવાર, 16 ફેબ્રુઆરી, 2026 મહા વદ ચૌદસ
“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશિયલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## ટીમ ઈન્ડિયાનો પાકિસ્તાન સામે ભવ્ય વિજય: 61 રનથી હરાવી સુપર-8માં મેળવ્યો શાનદાર પ્રવેશ

T20 વર્લ્ડકપ 2026માં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલા હાઈ વોલ્ટેજ મુકાબલામાં ટીમ ઈન્ડિયાએ ફરી એકવાર મેદાન માર્યું છે. ભારતે પાકિસ્તાનને 61 રનથી હરાવીને સુપર-8 સ્ટેજ માટે ક્વોલિફાય કરી લીધું છે. આ જીત સાથે ભારતે સાબિત કરી દીધું છે કે શા માટે તેઓ આ ટુર્નામેન્ટના સૌથી મજબૂત દાવેદાર છે. મેચમાં પ્રથમ બેટિંગ કરવાની તક મળતા ભારતે 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 175 રન બનાવ્યા હતા. જોકે શરૂઆત સારી રહી ન હતી, અભિષેક શર્મા શૂન્ય રને આઉટ થયો હતો. પરંતુ ત્યારબાદ ઈશાન કિશન અને તિલક વર્માએ બાજી સંભાળી હતી. ઈશાન કિશને માત્ર 40 બોલમાં 77 રનની તોફાની ઇનિંગ રમી હતી. તેની આ ઇનિંગમાં આકર્ષક શોટ્સનો સમાવેશ હતો. સૂર્યકુમાર યાદવે 32 અને શિવમ દુબેએ 27 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાન સામે વર્લ્ડકપમાં ભારતનો આ અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર છે. 176 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પાકિસ્તાનની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. ઓપનિંગ જોડી માત્ર થોડા જ રનમાં વિખેરાઈ ગઈ હતી. સાહિબજાદા ફરહાન શૂન્ય રને આઉટ થયો હતો, જ્યારે બાબર આઝમ પણ માત્ર 5 રન બનાવી શક્યો હતો. 34 રન પર 4 વિકેટ ગુમાવ્યા બાદ પાકિસ્તાન મેચમાં ક્યારેય વાપસી કરી શક્યું નહીં. ઉસ્માન ખાને 44 રનની લડાયક ઇનિંગ રમી હતી, પરંતુ બીજા છેડેથી તેને કોઈ સહકાર મળ્યો નહોતો. પાકિસ્તાનના માત્ર 4 બેટ્સમેનો જ ડબલ ફિગર સુધી પહોંચી શક્યા હતા અને આખી ટીમ 18 ઓવરમાં 114 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય બોલરોએ ચોકસાઈભરી બોલિંગ કરીને પાકિસ્તાની બેટ્સમેનોને બાંધી રાખ્યા હતા. હાર્દિક પંડ્યા, જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ અને વરુણ ચક્રવર્તીએ 2-2 વિકેટ ઝડપી પાકિસ્તાનની હાર નિશ્ચિત કરી હતી. બોલરોની આક્રમકતા અને ફિલ્ડિંગમાં સચોટતાને કારણે ભારતે 61 રનથી વિજય મેળવ્યો હતો.

ઐતિહાસિક રેકોર્ડ: વર્લ્ડકપ ઇતિહાસમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે અત્યાર સુધીમાં 9 મેચો રમાઈ છે, જેમાંથી ભારતે 8 મેચ જીતી છે. આ આંકડો પાકિસ્તાન પર ભારતના વર્ચસ્વની ગવાહી પૂરે છે. આ જીત સાથે ટીમ ઈન્ડિયાના આત્મવિશ્વાસમાં વધારો થયો છે અને હવે તેઓ સુપર-8માં વધુ મજબૂત બનીને મેદાનમાં ઉતરશે. ભારતીય ચાહકોમાં આ જીતને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



**T20 વર્લ્ડકપ 2026માં ભારતે પાકિસ્તાનને 61 રનથી હરાવી સુપર-8માં સ્થાન મેળવ્યું છે. ઈશાન કિશનના 77 રનની મદદથી ભારતે 175 રન બનાવ્યા હતા. જવાબમાં પાકિસ્તાની ટીમ માત્ર 114 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ ઈન્ડિયાનો વર્લ્ડકપમાં દબદબો યથાવત રહ્યો છે.**

## વેડ ગામમાં સિદ્ધેશ્વર મહાદેવ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

**દૈનિક પલ્સ સમાચાર:** ધાનપુર તાલુકાના વેડ ગામમાં શ્રદ્ધાનું કેન્દ્ર ગણાતા પ્રાચીન સિદ્ધેશ્વર મહાદેવ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય સંપન્ન થયું છે. આ નિમિત્તે વેડના ભક્ત મંડળ દ્વારા ત્રિ-દિવસીય ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ગામમાં ધ્વજ-પતાકા અને ધાર્મિક ઝાંખીઓ સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં ગ્રામજનો ઉમળકાભેર જોડાયા હતા. મંદિરના પુનઃનિર્માણ પ્રસંગે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે મહારુદ્ર યજ્ઞ અને પ્રાણ પ્રતિષ્ઠા વિધિ પૂર્ણ કરવામાં આવી હતી. રાત્રિના સમયે યોજાયેલા દીપ યજ્ઞમાં સેંકડો દીવાઓ પ્રગટાવવામાં આવતા આખું મંદિર પરિસર ઝગમગી ઉઠ્યું હતું. ભક્તિ અને આધ્યાત્મિકતાના સંગમ સમાન આ પ્રસંગે માતાજીનો વિશેષ કાર્યક્રમ અને ભજન-સત્સંગ પણ યોજાયા હતા. અંતમાં મહાપ્રસાદનું વિતરણ કરાયું હતું. આ મહોત્સવમાં આસપાસના વિસ્તારના ભક્તો અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



રિપોર્ટર : નરેન્દ્રસિંહ ચૌહાણ

## વડોદરા: સુરસાગર મહાઆરતીમાં અમિત શાહની સુરક્ષા અને રાજકીય ચર્ચા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના સુરસાગર તળાવ ખાતે મહાશિવરાત્રિની મહાઆરતીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત અનેક રીતે યાદગાર રહી હતી. સુરક્ષા વ્યવસ્થા એટલી ચુસ્ત હતી કે ગેટ નંબર ૧ પાસે પદ્માવતી શોપિંગ સેન્ટર નજીક પોલીસે બે લેયરનું સુરક્ષા કવચ બનાવ્યું હતું. આ કડક બંદોબસ્તમાં પૂર્વ મેયર નીલેશ રાઠોડ અંદર પહોંચી શક્યા હતા, પણ તેમની સાથેના કાઉન્સિલરો અને કાર્યકરોને પોલીસે અટકાવતા વિવાદ સર્જાયો હતો. નવનિયુક્ત કોષાધ્યક્ષને પણ અંદર પ્રવેશ ન મળતા તેમણે બહાર રહેવું પડ્યું હતું. જોકે, સાંજની આ સભામાં રાજકીય ગરમાવો ત્યારે આવ્યો જ્યારે અમિત શાહે પોતાનું સંબોધન શરૂ કર્યું. સ્ટેજ પર હાજર મંત્રીઓ અને સાંસદોના નામ લીધા બાદ અમિત શાહે ધારાસભ્ય બાલકૃષ્ણ શુક્લને ઉદ્દેશીને ‘મારા મિત્ર’ શબ્દનો પ્રયોગ કર્યો હતો. દેશના ગૃહમંત્રી દ્વારા કોઈ સ્થાનિક ધારાસભ્ય માટે આવા શબ્દો સાંભળીને હાજર નેતાઓ અને કાર્યકરો સ્તબ્ધ થઈ ગયા હતા.

આ ઘટના બાદ વડોદરા ભાજપમાં બાલકૃષ્ણ શુક્લના વધતા કદ અંગે તર્કવિતર્ક શરૂ થયા છે. બીજી તરફ, સુરક્ષાના કારણે સર્જાયેલી અફરાતફરીમાં મહિલા કાઉન્સિલરો પણ મુશ્કેલીમાં મુકાયા હતા. અમિત શાહની આ મુલાકાત ભક્તિની સાથે વડોદરાના સ્થાનિક રાજકારણમાં પણ નવા પ્રાણ પૂરી ગઈ હોય તેમ જણાય છે.





**વડોદરાના સુરસાગર ખાતે મહાઆરતીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સુરક્ષાને પગલે ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. પોલીસે અનેક કાઉન્સિલરોને બેરિકેડ પર અટકાવ્યા હતા. બીજી તરફ, અમિત શાહે મંચ પરથી ધારાસભ્ય બાલકૃષ્ણ શુક્લને 'મિત્ર' તરીકે સંબોધતા રાજકીય ગલિયારાઓમાં તર્કવિતર્ક શરૂ થયા છે.**

## વડોદરા શિવમય: કાશી વિશ્વનાથ અને નવનાથ મંદિરોમાં ભક્તોનું મહેરામણ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર અને જિલ્લાના શિવાલયોમાં આજે મહાશિવરાત્રિ નિમિત્તે ભક્તિનો અનોખો સાગર છલકાયો છે. શ્રદ્ધાળુઓ માટે આ દિવસ વર્ષની તમામ શિવપૂજાઓનું ફળ આપનારો મનાય છે, જેથી વહેલી સવારથી જ મંદિરોમાં લાંબી કતારો જોવા મળી રહી છે. કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે દર્શનાર્થે આવેલા ભક્તોએ જણાવ્યું હતું કે આ મંદિર ખૂબ જ પ્રાચીન છે અને અહીં દર્શન કરવાથી અપાર શાંતિ મળે છે. શહેરમાં નવનાથ પરંપરાના મંદિરોમાં સોમવાર રાતથી જ બાર પહોરની પૂજાનો પ્રારંભ કરી દેવાયો છે. તો બીજી તરફ કામનાથ મહાદેવ મંદિરના ઘાટ પર યજ્ઞો અને વિશેષ પૂજા અર્ચનાના આયોજન થયા છે. શ્રદ્ધાળુઓ ઓમ નમઃ શિવાયના અખંડ પાઠ અને શિવમહિમ્ન સ્તોત્રના ગાન સાથે ભોલેનાથને રીઝવવા પ્રયત્ન કરી રહ્યા છે. ભક્તો માટે ઠેર-ઠેર ફરાળી પ્રસાદ અને ભાંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

આજના દિવસે વડોદરાની ઓળખ સમાન ‘શિવજી કી સવારી’ રણમુક્તેશ્વર મહાદેવથી પ્રસ્થાન કરશે, જે શહેરના વિવિધ માર્ગો પર ફરીને સુરસાગર પહોંચશે. સાંજે સુરસાગર તળાવ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં મહાઆરતી યોજાશે, જેમાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડશે. વડોદરાના પૌરાણિક મંદિરોમાં જે રીતે શ્રદ્ધાનો સમુદ્ર ઉમટ્યો છે તે જોતા સમગ્ર વડોદરા જિલ્લો આજે શિવભક્તિમાં લીન જણાય છે.

**વડોદરામાં મહાશિવરાત્રિના પર્વે શિવાલયો ‘બમ બમ ભોલે’ના નાદથી ગુંજી ઉઠ્યા છે. લાલબાગ સ્થિત કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે વહેલી સવારથી ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. વિવિધ મંદિરોમાં ચાર પ્રહરની પૂજા, અભિષેક અને યજ્ઞોના આયોજન સાથે આસ્થાપૂર્વક ઉજવણી થઈ રહી છે.**



## બોગસ ડ્રગ્સ કેસ: સોમાણી બંધુની મુક્તિની અરજી કોર્ટે ફગાવી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં બે દાયકા અગાઉ બનેલી એક ચોંકાવનારી ઘટનામાં પિલ્લાઈ બંધુઓને ડ્રગ્સ કેસમાં ફસાવવાના ષડયંત્રના આરોપીની મુક્તિ અરજી કોર્ટે નકારી દીધી છે. ૨૦૦૬માં ગોરવાના પ્રકાશ પિલ્લાઈ ૧૫ કરોડની રિકવરી માટે સોમાણી બંધુઓ પાસે ગયા હતા. આ નાણાં ન ચૂકવવા પડે તે માટે સોમાણી બંધુઓએ તત્કાલીન પોલીસ ઇન્સ્પેક્ટરો આર.એન. રાઠોડ અને કે.વી. વોહનિયા સાથે મળીને પ્રકાશના ઘરમાં અનાજની ગુણમાં ડ્રગ્સ મુકાવી બોગસ દરોડો પાડ્યો હતો. પિલ્લાઈ બંધુઓની રજૂઆત બાદ સીઆઈડી ક્રાઈમની તપાસમાં આ આખું ષડયંત્ર બહાર આવ્યું હતું, જેમાં અનેક પોલીસ અધિકારીઓની ધરપકડ થઈ હતી. આ કેસમાં આરોપી ગોવિંદ સોમાણીએ પોતાને મુક્ત કરવા માટે ડિસ્ચાર્જ અરજી કરી હતી, પરંતુ એડિશનલ જજ પ્રશાંત રાવલની કોર્ટે તમામ વિગતો તપાસીને આ અરજી નામંજૂર કરી છે. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં સંડોવાયેલા આરોપી પીઆઈ વોહનિયાનું ૨૦૧૧માં જેલમાં જ મોત નીપજ્યું હતું.



**૨૦૦૬ના બોગસ ડ્રગ્સ કેસમાં ગોવિંદ સોમાણીની મુક્તિની અરજી કોર્ટે ફગાવી. પોલીસ સાથે મળી પિલ્લાઈ બંધુઓને ફસાવવાનું હતું ષડયંત્ર.**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરા: સુરસાગર ખાતે અમિત શાહની ઉપસ્થિતિમાં ભવ્ય મહાઆરતી

## શિવરાત્રી પર્વે વડોદરા શિવમય: અમિત શાહે કરી મહાઆરતી



**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રીના પાવન અવસરે વડોદરા શહેરમાં ભક્તિ અને શ્રદ્ધાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. શહેરના હૃદય સમાન સુરસાગર તળાવ ખાતે હજારો દીવાઓના પ્રકાશ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સર્વેશ્વર મહાદેવની ભવ્ય મહાઆરતી કરી હતી. આ પ્રસંગે સમગ્ર શહેર શિવમય બન્યું હતું અને ભક્તોના હૈયા 'હર હર મહાદેવ'ના નાદથી ઉભરાયા હતા.

સવારીનો પ્રારંભ પરંપરાગત રીતે ઋણમુક્તેશ્વર મહાદેવ મંદિરથી કરવામાં આવ્યો હતો. અહીં ભાજપ અને કોંગ્રેસ સહિતના વિવિધ રાજકીય પક્ષોના આગેવાનોએ સાથે મળીને ભગવાન શિવની આરતી ઉતારી સવારીને પ્રસ્થાન કરાવ્યું હતું. ભગવાન શિવ જ્યારે રથમાં બિરાજમાન થઈને નગરચર્યાએ નીકળ્યા ત્યારે રસ્તાની બંને બાજુ ભક્તોની હૈયેહૈયું દળાય તેવી ભીડ જોવા મળી હતી. નાસિક બેન્ડના તાલે યુવાનો ઝૂમી ઉઠ્યા હતા અને શરણાઈના સૂરોએ વાતાવરણમાં દિવ્યતા ભરી દીધી હતી. શિવજીની વેશભૂષા ધારણ કરેલા ભક્તોએ બાળકો અને વડીલોમાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. સાંજે સુરસાગર તળાવ ખાતે અમિત શાહના આગમન સાથે જ વાતાવરણમાં ઉત્સાહ બમણો થઈ ગયો હતો. તેમણે મંચ પરથી સૌનું અભિવાદન ઝીલતા જણાવ્યું હતું કે, "દેશમાં જ્યારે પણ શિવરાત્રીની ભવ્યતાની ચર્ચા થાય છે, ત્યારે વડોદરાની સર્વેશ્વર મહાદેવની આરતીને અચૂક યાદ કરવામાં આવે છે." તેમણે વધુમાં ઉમેર્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની સાંસ્કૃતિક અને ધાર્મિક ધરોહરને સાચવવાનું અને તેને ગૌરવ અપાવવાનું કાર્ય સતત ચાલી રહ્યું છે. આટલા મોટા આયોજનમાં સુરક્ષાની જવાબદારી ૩૫૦૦થી વધુ પોલીસ જવાનોએ સુપેરે નિભાવી હતી. વિશેષમાં, વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક નવો ચીલો ચાતરવામાં આવ્યો હતો; સવારીના રસ્તા પરથી સવારી પસાર થયાના ગણતરીના સમયમાં જ સફાઈ કર્મીઓએ સફાઈ અભિયાન હાથ ધરીને શહેરને સ્વચ્છ રાખ્યું હતું. લાખોની મેદની હોવા છતાં આયોજન શાંતિપૂર્ણ અને ભક્તિમય રીતે સંપન્ન થયું હતું. આરતી બાદ પણ ભક્તોમાં જાગરણ અને ભજન-કીર્તનનો આનંદ મોડી રાત સુધી યથાવત રહ્યો હતો.

**વડોદરામાં મહાશિવરાત્રી નિમિત્તે નીકળેલી ભવ્ય 'શિવજી કી સવારી'માં લાખો ભક્તો ઉમટ્યા હતા. સુરસાગર તળાવ ખાતે ગૃહમંત્રી અમિત શાહે સર્વેશ્વર મહાદેવની મહાઆરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. સમગ્ર શહેર 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું અને વાતાવરણ શિવમય બન્યું.**

# BCA ચૂંટણી: 69% મતદાન, કિરણ મોરે અને દર્શન બેંકર વચ્ચે ટક્કર

**દૈનિક પલ્સ સમાચાર:** બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણી માટે આજે સવારથી જ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સાંજે મતદાન પૂર્ણ થતા ૬૯.૨૮ ટકા જેટલું ઊંચું મતદાન નોંધાયું છે. આ ચૂંટણી વડોદરાના ક્રિકેટ જગત માટે પ્રતિષ્ઠાનો જંગ બની ગઈ છે. પ્રમુખ પદના ઉમેદવાર કિરણ મોરેએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સભ્યોનો ભરોસો તેમની સાથે છે, જ્યારે ડો. દર્શન બેંકરે પણ પોતાની જીતનો દાવો કર્યો છે.

ચૂંટણીમાં હાઈકોર્ટમાં પિટિશન કરનાર રામચંદ્ર પ્રજાપતિ મીડિયાના ફંડિંગ અને વકીલો અંગેના સવાલોથી ભાગતા જોવા મળ્યા હતા. બીજી તરફ, રિવાઈવલ ગ્રુપના પ્રણવ અમીન અને તેજલ અમીને છેલ્લા વર્ષોમાં કરેલા સ્ટેડિયમના કામો અને ઈન્ટરનેશનલ મેચોના આધારે જીતનો ભરોસો દર્શાવ્યો હતો. ચૂંટણીમાં કુલ ૬૨ ઉમેદવારો મેદાનમાં છે. હાઈકોર્ટે કાનૂની વિવાદોને ધ્યાને રાખીને પૂર્વ પરવાનગી વિના મતોની ગણતરી અને પરિણામ જાહેર કરવા પર સખત મનાઈ ફરમાવી છે. હવે ૧૭ ફેબ્રુઆરીએ હાઈકોર્ટમાં થનારી સુનાવણી પર તમામની નજર ટકેલી છે. ત્યાં સુધી બંને પેનલોના ઉમેદવારોના શ્વાસ અધ્ધર રહેશે.



# પાદરા નજીક એક્સપ્રેસ વે પર અકસ્માતમાં દીપડાનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં દીપડાની અવરજવર વધી રહી છે, ત્યારે પાદરા પાસે એક દીપડાના મોતના સમાચાર સામે આવ્યા છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર સુરત તરફથી આવતી એક કારે રસ્તો ઓળંગી રહેલા દીપડાને જોરદાર અડફેટે લીધો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે દીપડાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. સ્થાનિકો દ્વારા જાણ કરાતા વનવિભાગના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. દીપડાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વનવિભાગના જણાવ્યા અનુસાર, દીપડો એ શિડ્યુલ-૧ માં આવતું અત્યંત સંરક્ષિત પ્રાણી છે, તેથી તેનું પોસ્ટમોર્ટમ કરીને મોતનું સચોટ કારણ જાણવામાં આવશે અને ત્યારબાદ તેને ગાઈડલાઈન મુજબ અગ્નિદાહ આપવામાં આવશે. કાર ચાલકની બેદરકારી અંગે પણ વનવિભાગે તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ હાઈવે પર વન્યજીવોની સુરક્ષા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

**વડોદરાના પાદરા નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર એક કારની અડફેટે દીપડાનું કરુણ મોત નીપજ્યું છે. પૂરપાટ ઝડપે આવતી કારે રસ્તો ઓળંગી રહેલા દીપડાને ટક્કર મારતા તેનું સ્થળ પર જ મોત થયું હતું. વનવિભાગે દીપડાના મૃતદેહને પીએમ માટે ખસેડી તપાસ શરૂ કરી છે.**

## વડોદરા LCBનો સપાટો: 41 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ગ્રામ્ય LCBએ બાતમીના આધારે એક્સપ્રેસ હાઈવે પર દરોડો પાડીને દારૂની હેરાફેરીનો અનોખો કીમિયો પકડી પાડ્યો છે. પોલીસની ટીમે આજોડ ગામ પાસે વોચ ગોઠવીને એક ટાટા કંટેનરને અટકાવ્યું હતું. આ કંટેનરમાં ઉપરના ભાગે વોશિંગ મશીન અને ચીમનીના બોક્સ વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યા હતા જેથી કોઈને શંકા ન જાય.

જોકે, પોલીસે ઝીણવટભરી તપાસ કરતા આ બોક્સની આડમાં છુપાવેલો ૪૧.૭૩ લાખ રૂપિયાનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી હરિયાણાના મેવાત જિલ્લાના વતની એવા ડ્રાઈવર જુનેદખાન અને રોબિનખાનની ધરપકડ કરી છે. પૂછપરછમાં સામે આવ્યું કે આ જથ્થો હરિયાણાના અન્ય બે શખ્સોએ ભરાવ્યો હતો, જેમને હાલ વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે દારૂ, કંટેનર અને અન્ય સામાન મળી કુલ ૬૪.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ મંજુસર પોલીસને સોંપી છે.

## વડોદરા DEO: સ્કૂલની આસપાસ કૂતરા ગણવાનો સરવે ચાલુ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની શાળાઓના આચાર્યો અને સ્ટાફ અત્યારે શિક્ષણ વિભાગના એક અનોખા આદેશના પાલનમાં લાગ્યા છે. શાળાઓની આસપાસ કેટલા રખડતા કૂતરા છે તેની ગણતરી કરીને ડેટા આપવાની સૂચના અપાઈ છે. વડોદરા DEO એ જણાવ્યું કે આ સરવેની કામગીરી હાલ ચાલુ છે અને શાળાઓ માહિતી મોકલી રહી છે. આ ડેટા એકત્ર કરી ગાંધીનગર સ્કૂલ કમિશનરેટ ઓફિસને મોકલવામાં આવશે.

બીજી તરફ, આ આદેશથી શિક્ષકોમાં રોષ જોવા મળતા શિક્ષણ વિભાગે સ્પષ્ટતા કરી છે કે, પરિપત્ર મુજબ માત્ર શાળાઓ જ નહીં પણ હોસ્પિટલ, બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન જેવા તમામ કેમ્પસમાં સરવે કરવાનો છે. તેમાં ક્યાંય પણ માધ્યમિક શિક્ષકોએ જ ગણતરી કરવી તેવું લખ્યું નથી. શિક્ષણવિદોનું માનવું છે કે જો આ ડેટા સ્થાનિક પાલિકાને અપાય તો જ કૂતરાઓની સમસ્યાનો ઉકેલ આવી શકે, ગાંધીનગર ડેટા મોકલવાનો કોઈ તર્ક સમજાતો નથી. અનેક શાળાઓએ તો ગુગલ એક્સેલ શીટ ભરીને આ ડેટા જમા પણ કરાવી દીધા છે.

## લક્ષ્મીપુરામાં બૂટલેગર મુન્નો કનોજિયા અને પત્ની ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના લક્ષ્મીપુરા પોલીસ મથકની ટીમે દારૂના દૂષણને ડામવા માટે હાથ ધરેલી તપાસમાં મોટી સફળતા મળી છે. બાતમીદાર દ્વારા મળેલ માહિતી મુજબ, દિનદયાળનગર નવા વુડાના મકાનમાં રહેતો મુન્નો કનોજિયા અને તેની પત્ની તેમના નિવાસસ્થાનેથી જ દારૂનો વેપલો ચલાવતા હતા. પોલીસે આયોજનબદ્ધ રીતે દરોડો પાડી બંનેને કસ્ટડીમાં લીધા છે.

પોલીસને દરોડા દરમિયાન મકાનમાંથી વિદેશી દારૂની નાની બોટલો (ક્વાર્ટર) અને બિયરના ટીન મળી આવ્યા હતા. કુલ રૂ. ૫,૩૧૫નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જોકે, ઝડપાયેલા આરોપી ગુરુપ્રસાદનો ઇતિહાસ ખૂબ જ ગુનાહિત રહ્યો છે. તેની સામે અત્યાર સુધીમાં પ્રોહિબિશનના ૧૯ ગુના દાખલ થઈ ચૂક્યા છે. ભૂતકાળમાં એસએમસી અને પીસીબી જેવી ઉચ્ચ એજન્સીઓએ પણ તેની ધરપકડ કરી છે, તેમ છતાં તે સતત દારૂના વેચાણમાં સક્રિય હતો.

લક્ષ્મીપુરા પોલીસે આ મામલે નવો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે કે આ દારૂનો જથ્થો તે ક્યાંથી લાવતો હતો અને તેના નેટવર્કમાં અન્ય કોણ સામેલ છે. રીઢા ગુનેગાર સામે ફરી કાર્યવાહી થતા વિસ્તારના અન્ય બૂટલેગરોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫

# સોજિત્રા: પેટલી તાલેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** સોજિત્રા તાલુકાના પેટલી ગામે બિરાજમાન તાલેશ્વર મહાદેવના સાનિધ્યમાં મહાશિવરાત્રીની પરંપરાગત અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. ૧૫ ફેબ્રુઆરીના પવિત્ર દિવસે વહેલી સવારથી જ મંદિરના દ્વાર ભક્તો માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. ઘંટનાદ અને મંત્રોચ્ચાર સાથે શ્રદ્ધાળુઓએ શિવલિંગ પર જલાભિષેક કરી સુખ-શાંતિની પ્રાર્થના કરી હતી. આ અવસરે આયોજિત ભવ્ય શોભાયાત્રાએ નગરના રહીશોમાં અનેરો ઉત્સાહ જગાડ્યો હતો. "હર હર મહાદેવ" અને "જય ભોલે"ના નાદ સાથે નીકળેલી આ યાત્રામાં શિવ-પાર્વતીની વેશભૂષામાં સજ્જ ભક્તોએ આકર્ષણ જમાવ્યું હતું. ગામના મુખ્ય ચોક અને મહોલ્લાઓમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

મંદિર ખાતે સાંજના સમયે વિશેષ મહાઆરતીનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. રાત્રિ દરમિયાન શિવભક્તોએ અખંડ ધૂન અને ભજન-કીર્તન સાથે જાગરણ કર્યું હતું. મંદિર પરિસરને ફૂલો અને રોશનીથી શણગારવામાં આવ્યું હતું, જે રાત્રિના સમયે દિવ્ય નજારો પેશ કરતું હતું. વહીવટી તંત્ર અને મંદિર સમિતિના સહયોગથી સમગ્ર ઉત્સવનું સુંદર સંચાલન કરવામાં આવ્યું હતું, જેનાથી ભક્તોએ કોઈપણ અગવડ વગર દર્શનનો લાભ લીધો હતો.



## પાલનપુરમાં સિટી બસ શરૂ: બોર્ડના છાત્રોને ફ્રી મુસાફરી




**દૈનિક પલ્સ સમાચાર:** પાલનપુરવાસીઓ માટે શિવરાત્રિ ભેટ સમાન સિટી બસ સેવાનો પ્રારંભ કરાયો છે. સાંસદ મયંક નાયકે બસ ચલાવી આ સેવાનું લોકાર્પણ કર્યું હતું. આ સેવામાં પ્રથમ સપ્તાહે મહિલાઓ માટે તેમજ ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થતી ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ માટે મુસાફરી ફ્રી રાખવામાં આવી છે. શહેરના ૧૮ રૂટ પર કુલ ૯ બસો દોડશે, જેનાથી મુસાફરોનો સમય અને નાણાં બચશે.

## પોલીસ ભરતી: દોડ દરમિયાન હાર્ટ એટેક આવતા યુવાનનું મોત



**દૈનિક પલ્સ સમાચાર:** વડગામ તાલુકાના તેનીવાડા ગામનો ૨૩ વર્ષીય અનિલ ઠાકોર રવિવારે અમદાવાદના સેજપુર કેમ્પ ખાતે પોલીસ ભરતીની શારીરિક કસોટી આપવા ગયો હતો. દોડ દરમિયાન અચાનક હૃદયરોગનો હુમલો આવતા અનિલનું કરુણ મોત નીપજ્યું હતું. પિતાનો એકનો એક પુત્ર અને પોલીસ બનવાનું સપનું જોનાર આશાસ્પદ યુવાનના મોતથી પરિવાર અને સમગ્ર ગામમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

## ડીસામાં જુગારધામ પર LCBનો દરોડો: ચારની ધરપકડ



**દૈનિક પલ્સ સમાચાર:** ડીસા શહેરના કાપડીવાસ વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે બનાસકાંઠા LCBએ દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં જયેશભાઈ અંબાલાલ સહિત ચાર ઈસમોને ₹14,580ની રોકડ અને કુલ ₹19,580ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા છે. દરોડા દરમિયાન બે આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પકડાયેલા તમામ શખ્સો સામે ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પ્રોફેસરોના ત્રાસથી પાયોનિયર કોલેજના વિદ્યાર્થીએ ત્રીજા માળેથી કૂદકો માર્યો



## પાયોનિયર કોલેજ કાંડ: દલિત વિદ્યાર્થીએ ત્રીજા માળેથી કૂદકો માર્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની પાયોનિયર કોલેજમાં શિક્ષણ જગતને કાળી ટીલી લગાડતી વધુ એક ઘટના સામે આવી છે, જેમાં પ્રોફેસરોની ક્રૂરતા અને જાતિવાદી માનસિકતાએ એક આશાસ્પદ વિદ્યાર્થીને મોતના મુખ સુધી ધકેલી દીધો છે. જૂનાગઢના મોણીયા ગામનો વતની અને BAMS ના પ્રથમ વર્ષનો વિદ્યાર્થી રોહન રાઠોડ આજે હોસ્પિટલના બિછાને જિંદગીની જંગ લડી રહ્યો છે, અને તેના માટે જવાબદાર છે કોલેજના બે પ્રોફેસરો - કોમલ મેડમ અને ઋષિકેશ સર.

ફરિયાદ મુજબ, આ બંને પ્રોફેસરોએ રોહનને તેની જાતિના કારણે સતત નિશાન બનાવ્યો હતો. ક્લાસમાં અન્ય છાત્રોની હાજરીમાં તેનું અપમાન કરવું એ આ પ્રોફેસરો માટે સામાન્ય વાત હતી. વિદ્યાર્થીની મહેનતથી બનાવેલી જનરલ બુકને ફેંકી દેવી અને તેના પર સહી કરવાની ના પાડીને તેની કારકિર્દી બરબાદ કરવાની ધમકી આપવી, એ દર્શાવે છે કે આ શિક્ષણનું ધામ નહીં પણ માનસિક અત્યાચારનું કેન્દ્ર બની ગયું હતું. આ સતત અન્યાય અને ધમકીઓથી ત્રસ્ત થઈને ૧૯ વર્ષના રોહને આખરે હિંમત હારીને કોલેજના ત્રીજા માળેથી પડતું મૂક્યું. આટલો ગંભીર ત્રાસ કોલેજ કેમ્પસમાં ચાલતો હતો છતાં મેનેજમેન્ટની આંખ કેમ ના ખૂલી? શું પ્રોફેસરોની આ દાદાગીરીને છૂટો દોર આપવામાં આવ્યો હતો? રોહને જ્યારે મોતની છલાંગ લગાવી ત્યારે તેને ગંભીર ઇજાઓ થઈ હતી. વડોદરામાં પ્રાથમિક સારવાર બાદ તેની હાલત નાજુક જણાતા પરિવાર તેને જૂનાગઢ સારવાર માટે લઈ ગયો છે. આ મામલે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટી એક્ટ સહિત ભારતીય ન્યાય સંહિતાની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આરોપી પ્રોફેસરો સામે એટ્રોસિટી એક્ટની કલમ ૩(૧)(આર)(એસ) અને ૩(૨)૫-એ મુજબ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કેસની ગંભીરતા જોતા SC ST સેલના ACP સી.બી.સોલંકીને તપાસ સોંપવામાં આવી છે. શિક્ષણ જગતમાં રહેલા આવા 'કલંક' સમાન પ્રોફેસરો સામે કડકમાં કડક દાખલો બેસે તેવી માંગણી ઉઠી રહી છે. જો આવા પ્રોફેસરો સામે તાત્કાલિક પગલાં નહીં લેવાય, તો ભવિષ્યમાં કોઈ વાલી પોતાની સંતાનને મોકલતા પહેલા સો વાર વિચારશે. દૈનિક પલ્સ સમાચાર આ મામલે ન્યાયની આશા રાખે છે.

**વડોદરાની પાયોનિયર કોલેજમાં શિક્ષણ જગતને લાંછન લગાડતી ઘટના બની છે. બે પ્રોફેસરોના જાતિવાદી માનસ અને સતત માનસિક ત્રાસથી કંટાળી BAMS ના વિદ્યાર્થીએ ત્રીજા માળેથી કૂદકો મારી આપઘાતનો પ્રયાસ કર્યો. પાપી પ્રોફેસરો સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ થયો છે.**

# ભાવનગર: સ્કૂલ રિક્ષા અને લોડિંગ રિક્ષા વચ્ચે અકસ્માત, વિદ્યાર્થી ઘાયલ

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગરમાં ફરી એકવાર રિક્ષા ચાલકોની બેદરકારીને કારણે માસૂમ વિદ્યાર્થી અકસ્માતનો ભોગ બન્યો છે. સિહોરના સેદરડા ગામના ગોકુળભાઈ ખટાણાનો ૧૫ વર્ષીય પુત્ર જયમીત ૧૪ ફેબ્રુઆરીના રોજ સ્કૂલ રિક્ષામાં બેસી ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન શામપરા અને સીદસર ગામ વચ્ચે લોડિંગ રિક્ષા સાથે સ્કૂલ રિક્ષાનો અકસ્માત સર્જાયો હતો.

આ ગંભીર અકસ્માતમાં જયમીતને શરીરના અનેક ભાગે ઈજાઓ પહોંચી હતી. પ્રાથમિક સારવાર બાદ તેને વધુ ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ડોક્ટરોના જણાવ્યા મુજબ, જયમીતને સાથળ, નળા અને પગના ભાગે ત્રણ મોટા ફ્રેક્ચર થયા છે, તેમજ કપાળમાં પણ ઈજા પહોંચી છે. હાલ તે હોસ્પિટલના ICU વિભાગમાં સારવાર લઈ રહ્યો છે. ઘટના અંગે વરતેજ પોલીસે કડક વલણ અપનાવ્યું છે. લોડિંગ રિક્ષાના ચાલકની બેદરકારી બદલ પોલીસે ગુનો દાખલ કર્યો છે. પોલીસે રિક્ષા ચાલક વિરુદ્ધ BNS ની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. સ્કૂલ રિક્ષા ચાલકોએ વધુ સાવધાની રાખવી જોઈએ તેવા સૂર સોશિયલ મીડિયા પર ઉઠ્યા છે.

**ભાવનગરના શામપરા અને સીદસર ગામ વચ્ચે સ્કૂલ રિક્ષા અને લોડિંગ રિક્ષા સામસામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. શામપરા ગુરુકુલથી બાળકોને ઘરે મૂકવા જતી રિક્ષામાં સવાર ૧૫ વર્ષીય વિદ્યાર્થી જયમીતને પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત બાદ વિદ્યાર્થીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાલ તે ICUમાં સારવાર હેઠળ છે. વિદ્યાર્થીના પિતા ગોકુળભાઈ ખટાણાએ વરતેજ પોલીસ મથકમાં લોડિંગ રિક્ષા ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.**

## ખંભાતના મેતપુર રોડ પર કાર અને રિક્ષા વચ્ચે ગંભીર અકસ્માત

**દૈનિક પલ્સ સમાચાર:** ખંભાત તાલુકાના મેતપુર-વાસણા રોડ પર આજે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલી વોક્સવેગન પોલો કાર અને સીએનજી રિક્ષા સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે કાર રોડની બાજુમાં આવેલા ઝાડી-ઝાંખરામાં ઉતરી ગઈ હતી અને રિક્ષાના આગળના ભાગના ફુરચા ઉડી ગયા હતા. આ અકસ્માતમાં રિક્ષાચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતને પગલે આસપાસના લોકો અને રાહદારીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને ઘાયલ ચાલકને મદદ કરી હતી. ઘટનાને કારણે રોડ પર થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચીને અકસ્માતગ્રસ્ત વાહનોને સાઈડમાં ખસેડી ટ્રાફિક હળવો કર્યો હતો અને અકસ્માત અંગે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

**ખંભાત તાલુકાના મેતપુર-વાસણા રોડ પર કાર અને રિક્ષા વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં રિક્ષાચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે રોડ પર ટ્રાફિક જામ સર્જાયો હતો અને પોલીસે તપાસ હાથ ધરી છે.**






# પાલીતાણામાં બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** પાલીતાણા ટાઉન પોલીસ મથકના સ્ટાફ દ્વારા વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે બાતમી મળી હતી કે બસ સ્ટેન્ડ સામે આવેલા મનહર હેર કટિંગના ઓટલા પાસે ખુલ્લી જગ્યામાં જુગારની રમત ચાલી રહી છે. બાતમીના આધારે પોલીસે વ્યૂહાત્મક રીતે દરોડો પાડ્યો હતો.

પોલીસે સ્થળ પર પહોંચીને જોયું તો ત્રણ શખ્સો કુંડાળું વળીને બેઠા હતા અને તીન પત્તીનો જુગાર રમી રહ્યા હતા. પોલીસે ઓચિંતો દરોડો પાડી વિષ્ણુ જીવરાજભાઈ રાઠોડ, રફીક ભીખાભાઈ બારૈયા અને હનીફ નૂરમહમદભાઈ દલને રંગેહાથ પકડી લીધા હતા. આ ત્રણેય શખ્સો પાલીતાણાના જ રહેવાસી છે. દરોડા દરમિયાન પોલીસે જુગારના સાધનો અને ખિસ્સામાંથી મળીને કુલ રૂ. 3220ની રોકડ રકમ જપ્ત કરી છે. જાહેરમાં બસ સ્ટેન્ડ જેવા ભીડભાડ વાળા વિસ્તારમાં જુગાર રમાતો હોવાથી આસપાસના લોકોમાં પણ ચર્ચાનો વિષય બન્યો હતો. પોલીસે આરોપીઓ વિરુદ્ધ જુગાર અટકાયતી અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.




# રૂણ કન્યા વિદ્યાલયનો ૪૫મો વાર્ષિકોત્સવ: વેદપૂજન અને વડીલ વંદના



**દૈનિક પલ્સ સમાચાર:** વિશ્વજ્યોત ટ્રસ્ટ રૂણ દ્વારા સંચાલિત કન્યા વિદ્યાલયમાં તેના ૪૫મા વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વેદપૂજન, વડીલ વંદના, દાતા સન્માન અને ઈનામ વિતરણ સહિતના વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા, જેમાં મોટી સંખ્યામાં વાલીઓ અને શિક્ષણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ સંસ્કૃત પાઠશાળાના વિદ્વાન પંડિતો દ્વારા વેદ ગ્રંથોના પૂજનથી થયો હતો, જેણે સમગ્ર વાતાવરણને પવિત્ર બનાવી દીધું હતું. ત્યારબાદ વિદ્યાલયની છાત્રાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યા હતા. સંસ્થાની વિશેષ પરંપરા મુજબ છાત્રાઓએ પોતાના માતા-પિતા અને વાલીઓનું પૂજન કરીને 'વડીલ વંદના'નો સંદેશ આપ્યો હતો, જે ઉપસ્થિત સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ પ્રસંગે દંડી આશ્રમ, ડાકોરના મહામંડલેશ્વર વિજયદાસજી મહારાજ વિશેષ આશીર્વાદ આપવા પધાર્યા હતા. સમારોહમાં ખાંધલીના ઘનશ્યામભાઈ પટેલ, રામોલના વિષ્ણુભાઈ પટેલ, આણંદના કિરણભાઈ પટેલ સહિત અનેક અગ્રણી દાતાઓનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. વિશેષ નોંધનીય બાબત એ હતી કે પરમાર્થ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંસ્થાના મંત્રી જયરામભાઈ પટેલને તેમની વર્ષોની સેવા બદલ "પરમાર્થ ધૈર્ય ઋષિ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો હતો. સાથે જ, રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદ થયેલા મુકેશ મહિડાનું પણ વિશેષ સન્માન કરાયું હતું. છાત્રાઓએ સંગીત, ગીત અને નૃત્યની સુંદર પ્રસ્તુતિઓ આપીને વાર્ષિકોત્સવમાં રંગ રાખ્યો હતો. મહામંડલેશ્વર વિજયદાસજી મહારાજે જણાવ્યું હતું કે, દીકરીને શિક્ષિત કરવી એટલે આખા પરિવારમાં પ્રકાશ રેલાવવા સમાન છે. તેમણે રૂણ વિદ્યાલયની શિસ્ત અને સંસ્કાર આપવાની પદ્ધતિના વખાણ કર્યા હતા. આચાર્યા ધર્મિષ્ઠાબેને વાર્ષિક અહેવાલ રજૂ કરી શાળાની સિદ્ધિઓ વર્ણવી હતી. વર્ષ દરમિયાન ૩૬ તિથિ ભોજન દાતાઓ અને કરિયાણું, ગણવેશ તથા સ્ટેશનરી જેવી સહાય આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમારોહના અંતિમ તબક્કે તેજસ્વી તારલાઓને અને વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલી છાત્રાઓને મહાનુભાવોના હસ્તે ઈનામો તથા રોકડ પુરસ્કારો આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગજરાજસિંહ રાઠોડ, દિલીપભાઈ ભટ્ટ અને શૈલેષભાઈ પરમારે કુશળતાપૂર્વક કર્યું હતું.

**સોજિત્રાના રૂણ ગામે વિશ્વજ્યોત ટ્રસ્ટ દ્વારા સંચાલિત કન્યા વિદ્યાલયમાં ૪૫મો વાર્ષિકોત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. કાર્યક્રમની શરૂઆત પંડિતો દ્વારા વેદપૂજન અને છાત્રાઓ દ્વારા વડીલ વંદના સાથે થઈ હતી. ડાકોર દંડી આશ્રમના મહામંડલેશ્વર વિજયદાસજી મહારાજે દીકરીઓના શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે અનેક દાતાઓનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. સંસ્થાના મંત્રી જયરામભાઈ પટેલને "પરમાર્થ ધૈર્ય ઋષિ એવોર્ડ" અને શિક્ષક મુકેશ મહિડાને રાજ્ય કક્ષાના એવોર્ડ બદલ સન્માનિત કરાયા હતા. તેજસ્વી વિદ્યાર્થીનીઓને મહાનુભાવોના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.**

# વડોદરા: મહાશિવરાત્રી પર ઓમ રેસીડેન્સીમાં બીલીપત્રના છોડનું વિતરણ

## ઓમ રેસીડેન્સીમાં શિવરાત્રી નિમિત્તે બીલીપત્રનું વૃક્ષારોપણ

**દૈનિક પલ્સ સમાચાર:** સંસ્કારી નગરી વડોદરામાં મહાશિવરાત્રિના મહાપર્વની ઉજવણી માત્ર મંદિરો પૂરતી સીમિત ન રહીને હવે સામાજિક જવાબદારી સુધી વિસ્તરી છે. વડોદરાના વોર્ડ નંબર ૩ માં આવેલી ઓમ રેસીડેન્સી કો.ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડમાં ગત તા. ૧૫-૦૨-૨૦૨૬ ના રોજ શિવરાત્રિ નિમિત્તે એક સુંદર અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભગવાન શિવને બીલીપત્ર અત્યંત પ્રિય છે અને શાસ્ત્રોમાં પણ તેનું વિશેષ મહત્વ દર્શાવવામાં આવ્યું છે. આ પવિત્ર ભાવનાને ધ્યાનમાં રાખીને સોસાયટીના જી-ટાવરના જાગૃત સભ્યોએ બીલીપત્રના છોડનું વિતરણ કરવાનો નિર્ણય લીધો હતો. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગરના વોર્ડ નંબર ૩ ના લોકપ્રિય કાઉન્સિલર અને સ્થાયી સમિતિના સભ્ય ડો. રાજેશભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે સોસાયટીના પરિસરમાં ભગવાન શિવને પ્રિય એવા બીલીપત્રના છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. રાજેશભાઈ શાહે માત્ર છોડનું વિતરણ જ ન કર્યું, પરંતુ સોસાયટીના સભ્યો સાથે મળીને બીલીપત્રના છોડનું વિધિવત રોપણ પણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "આધ્યાત્મિકતા અને પર્યાવરણ એકબીજાના પૂરક છે. બીલીપત્ર એ માત્ર એક વૃક્ષ નથી પરંતુ તે શિવભક્તિનું પ્રતીક છે. આજના સમયમાં ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓ સામે લડવા માટે વધુ ને વધુ વૃક્ષારોપણ કરવું અનિવાર્ય છે, અને જ્યારે આપણે ધાર્મિક પર્વો સાથે વૃક્ષારોપણને જોડીએ છીએ ત્યારે લોકોમાં જાગૃતિ વધુ ઝડપથી આવે છે." ઓમ રેસીડેન્સીના રહીશો અને જી-ટાવરના સભ્યોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સોસાયટીના સભ્યોએ સંકલ્પ કર્યો હતો કે તેઓ આ રોપાયેલા છોડનું યોગ્ય જતન કરશે જેથી ભવિષ્યમાં આ બીલીપત્રના વૃક્ષો સોસાયટીની શોભા અને પવિત્રતામાં વધારો કરે. વડોદરાના રહેણાંક વિસ્તારોમાં આ પ્રકારના પર્યાવરણલક્ષી કાર્યક્રમો અન્ય સોસાયટીઓ માટે પણ દિશાચિંધનારા સાબિત થયા છે. આ આયોજન બદલ રહીશોએ કાઉન્સિલરશ્રીનો અને આયોજક સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.



**વડોદરાની ઓમ રેસીડેન્સીમાં ૧૫ ફેબ્રુઆરીએ શિવરાત્રિ નિમિત્તે બીલીપત્રના છોડનું વિતરણ અને રોપણ કરવામાં આવ્યું હતું. વોર્ડ નંબર ૩ ના કાઉન્સિલર ડો. રાજેશભાઈ શાહના હસ્તે આ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સોસાયટીના સભ્યો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.**

# ધીરજ હોસ્પિટલ દ્વારા શ્યામલ સોસાયટીમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ધીરજ હોસ્પિટલ દ્વારા સામાજિક સેવાની જ્યોત પ્રજ્વલિત રાખતા શ્યામલ કાઉન્ટી માં બ્લડ ડોનેશન કેમ્પ અને સ્વસ્થ સુરક્ષા કાર્ડ (હેલ્થ કાર્ડ) નોંધણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના PRO યતીન પરમાર દ્વારા આ સમગ્ર કેમ્પનું આયોજન સુચારુ રીતે કરવામાં આવ્યું હતું. આ શિબિરને સફળ બનાવવામાં શ્યામલ સોસાયટીના પ્રમુખ શૈલેષભાઈ અને ઉપપ્રમુખ કુશલભાઈનો ફાળો અત્યંત મહત્વનો રહ્યો હતો. સોસાયટીના કોમન પ્લોટમાં આયોજિત આ કેમ્પમાં સવારથી જ રહીશોની ભીડ જોવા મળી હતી. બ્લડ ડોનેશન કેમ્પમાં અનેક રક્તદાતાઓએ રક્તદાન કરી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. એકત્ર થયેલું રક્ત જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ સાથે જ, હોસ્પિટલ દ્વારા રહીશોને સ્વાસ્થ્ય વીમા જેવી સવલત પૂરી પાડતા 'સ્વસ્થ સુરક્ષા કાર્ડ'નું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્ડ ધારકોને ધીરજ હોસ્પિટલમાં સારવાર દરમિયાન વિશેષ રાહત અને સગવડ મળશે. પ્રો. યતીન પરમારે જણાવ્યું હતું કે, હોસ્પિટલ માત્ર સારવાર જ નહીં પરંતુ સમાજમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવા માટે પણ કટિબદ્ધ છે. સોસાયટીના હોદ્દેદારોએ હોસ્પિટલની આ પહેલને બિરદાવી હતી અને રક્તદાતાઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા.



રિપોર્ટ : શૈલેષભાઈ શાહ



'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'

# ભાવનગરમાં રિક્ષા ચાલક પર હુમલો અને લૂંટની ઘટના

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર શહેરમાં ધોળા દિવસે રિક્ષા ચાલક પર હુમલો અને લૂંટની ઘટના બનતા ચકચાર મચી ગઈ છે. શહેરના તલાવડી ચોકડી પાસે મામૂલી અકસ્માત જેવી ઘટનાએ હિંસક રૂપ ધારણ કર્યું હતું, જેમાં એક સ્કૂટર ચાલકે રિક્ષા ચાલકને છરીના ઘા ઝીંકી લૂંટી લીધો હતો.

કુંભારવાડા નારી રોડ પાસે રહેતા રિક્ષા ચાલક લક્ષ્મણભાઈ સાટીયા પોતાની રિક્ષા લઈને મુસાફરો સાથે તલાવડીવાળા રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એક્સેસ સ્કૂટર પર સવાર એક શખ્સ મોબાઈલ પર વાત કરતા કરતા અચાનક વળાંક લેવા જતા રિક્ષા સાથે અથડાયો હતો. અકસ્માત બાબતે જ્યારે લક્ષ્મણભાઈએ પૂછ્યું ત્યારે સ્કૂટર ચાલકે ઉગ્ર બોલાચાલી કરી અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. જોતજોતામાં મામલો બિચક્યો અને સ્કૂટર ચાલકે પોતાની પાસે રહેલી છરી કાઢી લક્ષ્મણભાઈ પર હુમલો કર્યો હતો. છરીનો ઘા ડાબા પગના ગોઠણ નીચે વાગતા લક્ષ્મણભાઈ લોહીલુહાણ થઈ ગયા હતા. હુમલાખોર શખ્સે લક્ષ્મણભાઈના ખિસ્સામાં રહેલી ૨૦૦૦ રૂપિયાની રોકડ રકમ પણ લૂંટી લીધી હતી. આ ભયાનક દ્રશ્ય જોઈ રિક્ષામાં બેઠેલા મુસાફરો પણ જીવ બચાવવા ત્યાંથી ઉતરીને ભાગી ગયા હતા. લૂંટ ચલાવ્યા બાદ આરોપીએ રિક્ષા ચાલકને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત ચાલકને સર ટી. હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા, જ્યાં તેમના પગમાં બે ટાંકા લેવામાં આવ્યા છે. નીલમબાગ પોલીસે આ ઘટનામાં સ્કૂટર નંબર GJ-04-EH-0077 ના આધારે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ લૂંટ, હુમલો અને ધમકીનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે અને સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરવામાં આવી રહી છે.






# પીપલોદમાં SP રવિરાજસિંહ જાડેજાની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** પીપલોદ પોલીસ સ્ટેશન ખાતે આજે લોક જાગૃતિ અને જનસંપર્કના હેતુથી લોક દરબાર યોજાયો હતો. દાહોદ જિલ્લા પોલીસ વડા રવિરાજસિંહ જાડેજાએ આ દરબારમાં હાજરી આપી ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. કાર્યક્રમમાં પંચલાના સરપંચ ભરતભાઈ ભરવાડ તથા અન્ય ગ્રામીણ આગેવાનોએ પોલીસ વડાનું પરંપરાગત રીતે સ્વાગત કર્યું હતું. લોક દરબારમાં વેપારીઓ અને સ્થાનિક નેતાઓએ વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરી હતી. SPએ સાયબર ક્રાઇમ સામે રક્ષણ મેળવવા માટે ટેકનિકલ સાવચેતી રાખવા પર ભાર મૂક્યો હતો. તેમણે લોકોને સમજાવ્યું કે ડિજિટલ યુગમાં જાગૃતિ જ સૌથી મોટું શસ્ત્ર છે. આ સંવાદ દરમિયાન નિવૃત્ત મામલતદાર બાબુભાઈ પરમારે પીપલોદના મહત્વના ત્રણ રસ્તા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત કરવા નવી પોલીસ ચોકી શરૂ કરવા અંગે દરખાસ્ત મૂકી હતી. આ કાર્યક્રમમાં પોલીસ સ્ટાફ અને નાગરિકો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બને તેવો માહોલ સર્જાયો હતો. જિલ્લા પોલીસ વડાએ લોકોના પ્રશ્નો શાંતિપૂર્વક સાંભળી યોગ્ય ઉકેલની ખાતરી આપી હતી. વેપારી સંગઠનોએ પણ પોલીસની કામગીરીમાં સહકાર આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. લોક દરબારના સફળ આયોજનથી સ્થાનિકોમાં પોલીસ પ્રત્યે વિશ્વાસ વધ્યો છે.




રિપોર્ટ : શેખ અબ્દુલ કાદિર

# વડોદરા સતવારા સમાજ દ્વારા ભવ્ય શિવજી કી સવારીનું ભક્તિમય આયોજન કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાને જાળવી રાખતા, સતવારા સમાજ દ્વારા મહાશિવરાત્રીના પર્વે એક ભવ્ય 'શિવજી કી સવારી' યોજવામાં આવી હતી. આ શોભાયાત્રામાં સતવારા સમાજના લોકોએ પોતાની એકતા અને શ્રદ્ધાના દર્શન કરાવ્યા હતા. યાત્રાનું પ્રસ્થાન છાણી વિસ્તારની અભિલાષા કેનાલ પાસે થી થયું હતું, જ્યાંથી શિવભક્તોનો કાફલો રેવા પાર્ક થઈને આગળ વધ્યો હતો. યાત્રા દરમિયાન ભજન-કીર્તન અને શિવના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. સામાજિક અને રાજકીય અગ્રણીઓએ પણ આ સવારીમાં જોડાઈને રથનું પૂજન-અર્ચન કર્યું હતું અને ઠેર-ઠેર સ્વાગત કાર્યક્રમો યોજાયા હતા. આ યાત્રા અયપ્પા ગ્રાઉન્ડ પાસે આવેલા પૌરાણિક સિદ્ધનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચી હતી, જ્યાં વિધિવત રીતે મંદિરના શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ધ્વજારોહણ બાદ મહાદેવની આરતી ઉતારવામાં આવી હતી અને યાત્રાનું સમાપન થયું હતું. આ પ્રસંગે સતવારા સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, દર વર્ષે સમાજને એકસૂત્રે બાંધવા અને યુવા પેઢીમાં સંસ્કારોનું સિંચન કરવા માટે આવા ધાર્મિક આયોજનો કરવામાં આવે છે. મોટી સંખ્યામાં હાજર રહેલા સ્વયંસેવકોએ યાત્રાનું સંચાલન ખૂબ જ સુંદર રીતે કર્યું



ચિરાગ કડિયા

**વડોદરામાં સતવારા સમાજ દ્વારા મહાશિવરાત્રી નિમિત્તે શિવજી કી સવારીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. છાણી અભિલાષા કેનાલથી શરૂ થયેલી આ યાત્રા સિદ્ધનાથ મહાદેવ મંદિર ખાતે ધ્વજારોહણ સાથે સંપન્ન થઈ હતી. યાત્રામાં સામાજિક અને રાજકીય અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.**

# ડાંગના આંગણે ઐતિહાસિક ડાંગ દરબાર અને સિમગા મહોત્સવની ભવ્ય ઉજવણી

## ડાંગ દરબાર: રાજાશાહી પરંપરા અને આદિવાસી સંસ્કૃતિનો સંગમ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં પ્રત્યેક ડાંગીજન જેની આતુરતાથી રાહ જોતા હોય છે તેવો 'ડાંગ દરબાર' અને 'સિમગા મહોત્સવ' હવે નજીક છે. આ મહોત્સવ ડાંગની ભૌગોલિક સુંદરતા સાથે તેના ભવ્ય ઇતિહાસને પણ ઉજાગર કરે છે. ઈ.સ. ૧૮૪૨ સુધી ડાંગ પર ભીલ રાજાઓ અને નાયકોનું એકહથ્થુ શાસન હતું. જ્યારે બ્રિટિશરોએ ડાંગના જંગલોનો કબજો મેળવ્યો, ત્યારે તેમણે જંગલના અધિકારપત્રોના બદલામાં રાજાઓને વાર્ષિક રકમ આપવાનું વચન આપ્યું. આ રકમ ચૂકવવા માટે 'દરબાર' ભરવાની શરૂઆત થઈ. ૧૮૭૬માં રાણી વિક્ટોરિયાના રાજ્યાભિષેક સમયે ધૂળિયામાં દરબાર યોજાયો હતો, ત્યારબાદ વધઈ અને ૧૯૪૭ સુધી ત્રણ વાર આહવા ખાતે આ ઐતિહાસિક દરબાર યોજાયો હતો. ૧૯૪૮માં ભારત સંઘમાં વિલીનીકરણ બાદ પણ સરકારે આ પરંપરા ચાલુ રાખી અને ૧૯૫૪ થી તેને 'પોલિટિકલ પેન્શન'નું સ્વરૂપ આપવામાં આવ્યું. આજે પણ આહવા ખાતે પાંચ રાજવીઓ (ગાઢવી, પિંપરી, દહેર, ચિંચલી અને વાસુરણા) અને નાયકોને કલેક્ટર દ્વારા સન્માનપૂર્વક પેન્શન અર્પણ કરવામાં આવે છે. મહોત્સવની શરૂઆત રાજવીઓની ભવ્ય શોભાયાત્રાથી થાય છે, જેમાં પારંપરિક પોશાકોમાં સજ્જ રાજપરિવારો બગીઓમાં સવાર થઈ આહવાના રાજમાર્ગો પર ફરે છે. આ દરમિયાન ડાંગી કલાકારોના ઢોલ-ત્રાસા અને પાવા પર થતા નૃત્યો સમગ્ર વાતાવરણને શિવમય અને ભક્તિમય બનાવી દે છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આહવાના નગર મધ્યે આવેલા 'રંગ ઉપવન' ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણી યોજાય છે. પ્રવાસીઓ માટે હાટ બજાર, ટાઈબલ ફૂડ સ્ટોલ, અને વિકાસલક્ષી પ્રદર્શનીઓ આકર્ષણનું કેન્દ્ર બને છે. વેપારીઓ માટે પ્લોટ ફાળવણી, પીવાનું પાણી, ટ્રાફિક નિયમન અને આરોગ્ય કેમ્પ જેવી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવે છે. હોળી અગાઉ ભરાતો આ મેળો આદિવાસી સમાજ માટે માત્ર મનોરંજન નહીં પણ તેમની ઓળખ અને અસ્તિત્વની ઉજવણી છે. રંગ પંચમી પછી આ મેળાનો ઉત્સાહ ઓસરે છે, પરંતુ તેની મીઠી સ્મૃતિઓ ડાંગીજનોના હૃદયમાં આખું વર્ષ જીવંત રહે છે.




**ડાંગ જિલ્લાના આહવા ખાતે ઐતિહાસિક 'ડાંગ દરબાર'ની તૈયારીઓ તેજ બની છે. ૧૮૪૨થી ચાલી આવતી આ પરંપરામાં ભીલ રાજાઓને આજે પણ વંશપરંપરાગત 'પોલિટિકલ પેન્શન' આપવામાં આવે છે. ભાતીગળ લોકમેળો, રાજવીઓની શોભાયાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમો આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ રહે છે.**

# નેત્રંગ તાલુકાના બેડા કંપની ગામે મહાશિવરાત્રી નિમિત્તે ભવ્ય લોકમેળો યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** નેત્રંગ તાલુકામાં મહાશિવરાત્રીના પાવન અવસરે ભક્તિ, આસ્થા અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. તાલુકાના બેડા કંપની ગામે વર્ષોની પરંપરા મુજબ મહાશિવરાત્રીના મેળાનું આયોજન કરાયું હતું. આ મેળો સ્થાનિક આદિવાસી અને ગ્રામીણ સમાજ માટે ખરીદી અને મનોરંજનનું મુખ્ય કેન્દ્ર બની રહ્યો હતો. ખાસ કરીને જીવન જરૂરિયાતની ઘરવખરીની વસ્તુઓ મળી રહેતી હોવાથી નજીકના અનેક ગામોના લોકો અહીં ઉમટ્યા હતા, જેનાથી મેળામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. શહેર અને ગ્રામ્ય વિસ્તારના મંદિરોમાં શિવરાત્રીની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. મંદિરોની બહાર સવારથી જ શિષ્ટબદ્ધ રીતે ભક્તોની કતારો લાગેલી જોવા મળી હતી. ભક્તોમાં ઉત્સાહ વધારવા માટે ઠેર-ઠેર સ્વયંસેવકો દ્વારા પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. 'હર હર મહાદેવ' ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. નાના-મોટા તમામ શિવાલયોને રોશની અને ફૂલોથી શણગારવામાં આવ્યા હતા. શ્રદ્ધાળુઓએ શિવજીના દર્શન કરી સુખ-શાંતિની પ્રાર્થના કરી હતી. આ રીતે નેત્રંગ તાલુકામાં મહાશિવરાત્રીનું પર્વ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયું હતું.








# નેત્રંગ: પવિત્ર સ્થાનો પાસે ગંદકી કરનારા સામે કડક માંગ

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લાના નેત્રંગ નગરમાં ધાર્મિક સ્થાનોની પવિત્રતા જાળવવા અને ગંદકી ફેલાવતા તત્વોને ડામવા માટે નગરજનો મેદાનમાં આવ્યા છે. નેત્રંગ ગ્રામ પંચાયત દ્વારા અગાઉ જાહેરાત કરવામાં આવી હતી કે કચરો ગમે ત્યાં ફેંકનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને કચરો નાખવા માટે અમરાવતી કિનારે આવેલી ડમ્પિંગ સાઈટનો ઉપયોગ કરવો. તેમ છતાં, કેટલાક શખ્સો દ્વારા જાણીબુઝીને મંદિરો પાસે કચરો ઠાલવવામાં આવતા વિવાદ સર્જાયો છે.

ભાટા કંપની ફળિયા વિસ્તારમાં આવેલા પૌરાણિક ભાથીજી મંદિર અને ભૂત મામાની ડેરી વચ્ચેના રસ્તા પર છેલ્લા થોડા દિવસોથી કતલખાનાનો કચરો, મરઘાના અવશેષો અને આંતરડા નાખવાની પ્રવૃત્તિ વધી છે. વહેલી સવારે મંદિરે પૂજા-અર્ચના માટે આવતા ભક્તોને આ ગંદકી નજરે પડતા નગરભરમાં આક્રોશ ફેલાયો છે. નગરજનોનો આરોપ છે કે કેટલાક તત્વો નગરની શાંતિ અને કોમી એકતામાં પલીતો ચાંપવા માટે જાણીબુઝીને આવા ગંદા કૃત્યો કરી રહ્યા છે. આ ગંભીર મુદ્દે આજે નેત્રંગના રહીશો અને હિન્દુ સંગઠનોએ એકઠા થઈને વહીવટી તંત્ર સામે મોરચો માંડ્યો હતો. ગ્રામજનોએ ઈન્ચાર્જ ટીડીઓ યોગેશ પવાર, મામલતદાર અને પોલીસ ઇન્સ્પેક્ટરને લેખિતમાં આવેદનપત્ર પાઠવીને કડક રજૂઆત કરી છે. આવેદનમાં માંગ કરવામાં આવી છે કે ગેરકાયદેસર કતલખાના ચલાવતા અને પવિત્ર સ્થાનોની ગરિમા લજવતા ઇસમોને શોધી કાઢી તેમની સામે ફોજદારી ગુનો નોંધવામાં આવે. સ્થાનિક રહીશોએ ચીમકી આપી છે કે જો તંત્ર દ્વારા ૨૪ કલાકમાં નક્કર કાર્યવાહી કરવામાં નહીં આવે અને મંદિરો પાસે કચરો ફેંકવાનું બંધ નહીં થાય, તો નેત્રંગ બંધનું એલાન આપી ઉગ્ર આંદોલન કરવામાં આવશે. હાલમાં આ ઘટનાને પગલે સમગ્ર નેત્રંગ પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે અને પોલીસ દ્વારા પણ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે.




# સાબરમતી: મહાશિવરાત્રી પર RSS દ્વારા ઓમકારેશ્વર મંદિરે ઘોષ વાદન

**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રીના પાવન પર્વે જ્યારે સમગ્ર દેશ શિવભક્તિમાં લીન છે, ત્યારે સાબરમતી વિસ્તારમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા એક પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરમતી ભાગના સ્વયંસેવકોએ ઓમકારેશ્વર મંદિરના પ્રાંગણમાં એકત્ર થઈને ઘોષ વાદન (બેન્ડ વાદન) દ્વારા ભગવાન ભોળાનાથની આરાધના કરી હતી. સ્વયંસેવકોએ મંદિર પરિસરમાં સુસજ્જ અને શિસ્તબદ્ધ રીતે ઊભા રહીને ઘોષના સૂરો રેલાવ્યા હતા. ઘોષની આ ગુંજને કારણે સમગ્ર વાતાવરણ શિવમય અને ઉત્સાહપૂર્વક બની ગયું હતું. મંદિરે દર્શન કરવા આવેલા હજારો શ્રદ્ધાળુઓએ સ્વયંસેવકોની આ શિસ્ત અને કૌશલ્યને નિહાળીને તેમને બિરદાવ્યા હતા. ઘોષ વાદન એ સંઘની ઓળખ છે, જે શિસ્ત અને સંગઠન શક્તિનું પ્રતીક માનવામાં આવે છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય સંસ્કૃતિના વારસાને જાળવવાનો અને સ્વયંસેવકોમાં શિસ્ત અને સમર્પણની ભાવનાને દ્રઢ કરવાનો હતો. મહાશિવરાત્રી જેવા પવિત્ર અવસરે ઘોષ વાદનની આ પ્રસ્તુતિએ ભક્તોમાં પણ એક નવી ઉર્જાનો સંચાર કર્યો હતો. કાર્યક્રમના અંતે સૌએ શાંતિપૂર્ણ રીતે ભક્તિમય માહોલમાં શિવ આરાધના કરી હતી.




**મહાશિવરાત્રી નિમિત્તે સાબરમતીના ઓમકારેશ્વર મંદિર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ઘોષ વાદનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વયંસેવકોએ શિસ્તબદ્ધ રીતે ઘોષના સૂરો રેલાવી વાતાવરણને શિવમય બનાવ્યું હતું, જેને દર્શનાર્થીઓએ ઉત્સાહપૂર્વક આવકાર્યું હતું.**

# સોનાસણ હાઈસ્કૂલમાં ઇનામ વિતરણ અને વિદાય સમારંભ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** શ્રી સોનાસણ કે.એમ. હાઈસ્કૂલના પ્રાંગણમાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ એક ગરિમાપૂર્ણ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ, બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા અને વિદાય સમારંભનું આયોજન પણ કરાયું હતું.

આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ વિવિધ ટ્રસ્ટોના દાતાશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે તેજસ્વી તારલાઓને મેડલ, પ્રમાણપત્ર અને ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય મુકેશભાઈ પટેલે પ્રોત્સાહન પૂરું પાડવા બદલ તમામ દાતાશ્રીઓનો આભાર માન્યો હતો. દાતાશ્રીઓએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને મહેનત કરી જીવનમાં આગળ વધવાની શીખ આપી હતી અને બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓ માટે આ ક્ષણ ભાવુક હતી, જ્યારે શિક્ષકોએ તેમને જીવનના નવા સોપાન સર કરવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાના તમામ શિક્ષકગણે દિવસ-રાત મહેનત કરી આ કાર્યક્રમને આયોજનબદ્ધ રીતે સફળ બનાવ્યો હતો. આ સમારંભે વિદ્યાર્થીઓમાં નવો ઉત્સાહ અને આત્મવિશ્વાસ ભર્યો હતો.




**સોનાસણ કે.એમ. હાઈસ્કૂલમાં ૧૪ ફેબ્રુઆરીએ ઇનામ વિતરણ અને ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ ભવ્ય રીતે યોજાયો.**

# સુરત સાયન્સ સેન્ટર ખાતે લોકકલાના સંગમમાં સર્જાયો ઐતિહાસિક વર્લ્ડ રેકોર્ડ

## સુરત સાયન્સ સેન્ટર: લોકકલા અને નૃત્યમાં બન્યો નવો રેકોર્ડ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાયમંડ સિટી સુરત હવે કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં પણ નવો ઇતિહાસ લખી રહ્યું છે. સુરત મહાનગરપાલિકા, તાલ ગ્રુપ અને રંગિનીના સંયુક્ત ઉપક્રમે સુરત સાયન્સ સેન્ટર ખાતે આયોજિત 'નાયિકા 5.0' અને 'રંગિની' ફેસ્ટિવલે સાંસ્કૃતિક જગતમાં સનસનાટી મચાવી દીધી છે. આ કાર્યક્રમમાં લોકકલા અને લોકનૃત્યના અદભૂત પ્રદર્શન દ્વારા નવો એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ સ્થાપિત કરવામાં આવ્યો છે.આ મહોત્સવની સૌથી મોટી વિશેષતા એ રહી કે તેમાં ભારતના દિગ્ગજ પદ્મશ્રી કલાકારોએ સ્વયં હાજર રહીને નવી પેઢીને કલાના પાઠ ભણાવ્યા. પીઠોરા કલાના પરેશભાઈ રાઠવા, રાજસ્થાનની મોલેલા મૂર્તિકળાના પ્રશાંતભાઈ અને વારલી ચિત્રકલાના નિષ્ણાત મહેશભાઈએ સુરતની વિવિધ શાળાઓના હજારો બાળકો સાથે વર્કશોપ કર્યા હતા. આ વિસરાતી જતી કલાઓને જીવંત રાખવા માટે બાળકોએ સીધું જ પદ્મશ્રી કલાકારો પાસેથી શિક્ષણ મેળવ્યું હતું, જે તેમના માટે જીવનભરનું સંભારણું બની રહેશે.

૧૪ ફેબ્રુઆરીના રોજ સાયન્સ સેન્ટર ખાતે એક ઐતિહાસિક ક્ષણ સર્જાઈ જ્યારે એક જ મંચ પર રેકોર્ડબ્રેક સંખ્યામાં લોકનૃત્ય અને લોકકળાના કલાકારોએ પોતાની કૃતિઓ રજૂ કરી. આ ભવ્ય પ્રદર્શનની નોંધ લેવા માટે 'એશિયા બુક ઓફ રેકોર્ડ્સ' અને 'ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ'ના પ્રતિનિધિઓ ખાસ સુરત આવ્યા હતા. આટલી મોટી સંખ્યામાં લોક સંસ્કૃતિનો સંગમ અગાઉ ક્યારેય જોવા મળ્યો ન હોવાથી આયોજકોને સત્તાવાર વર્લ્ડ રેકોર્ડના પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

તાલ ગ્રુપના ફાઉન્ડર ડિરેક્ટર અને આર્કિટેક્ટ કૃતિકા શાહે જણાવ્યું કે, 'નાયિકા' એ સ્ત્રીત્વ અને નારી શક્તિના સન્માનનો ઉત્સવ છે. આગામી ૮મી માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વ તૈયારી રૂપે આ ભવ્ય આયોજન કરાયું છે. રંગિની અંતર્ગત યોજાયેલા વર્કશોપે ભારતની સમૃદ્ધ હસ્તકલાઓને નવું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત, સ્થાનિક કલાકારોની આર્ટ ગેલેરીએ પણ શહેરીજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ સિદ્ધિએ સાબિત કરી દીધું છે કે સુરત માત્ર ઉદ્યોગોમાં જ નહીં, પણ કલા અને સંસ્કૃતિના જતનમાં પણ અગ્રેસર છે.



**સુરત સાયન્સ સેન્ટર ખાતે 'નાયિકા 5.0' અને 'રંગિની' ફેસ્ટિવલમાં લોકકલા અને લોકનૃત્યના અદભૂત સંગમ સાથે નવો રેકોર્ડ પ્રસ્થાપિત થયો છે. ઇન્ડિયા અને એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવનાર આ કાર્યક્રમમાં પદ્મશ્રી કલાકારોએ હજારો બાળકોને વિસરાતી કલાનું માર્ગદર્શન આપ્યું હતું.**

# રાજકોટના ૫૦૦ વર્ષ જૂના રામનાથ મહાદેવ મંદિરે ઉમટ્યું ભક્તોનું મહેરામણ

**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રિના મહાપર્વે રાજકોટના તમામ શિવાલયોમાં શિવભક્તિનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના મધ્યમાં આવેલું ૫૦૦ વર્ષ જૂનું રામનાથ મહાદેવ મંદિર ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓએ મહાદેવ પર જલાભિષેક અને દૂધનો અભિષેક શરૂ કર્યો હતો. મંદિરના મહંત નિશાંતગિરિએ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું કે બપોરે ૧૨ વાગ્યે મહાપૂજા બાદ સાંજે શણગાર દર્શન અને રાત્રે ૯ વાગ્યે વિશિષ્ટ પંચવક્ત્ર પૂજા યોજાશે. આ પૌરાણિક મંદિરના સેવકો અને નિયમિત દર્શનાર્થીઓએ મંદિરની જર્જરિત હાલત અંગે ચિંતા વ્યક્ત કરી છે. સેવક બીપીન વાઢેરે જણાવ્યું કે આ સ્વયંભૂ મંદિરના જીર્ણોદ્ધાર માટે સરકાર અને સમાજ બંનેએ આગળ આવવું જોઈએ. દર્શનાર્થે આવેલા આશાબા ગોહિલે મંદિરની પૌરાણિકતા અને મનોકામના પૂર્ણ થવાના વિશ્વાસ વિશે વાત કરી હતી. બીજી તરફ, ભરતભાઈ વાઘેલા જેવા ભક્તોએ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી વિશ્વ શાંતિની મનોકામના કરી હતી. યુવા શ્રદ્ધાળુઓને આકર્ષવા અને આસ્થા જાળવવા માટે મંદિરમાં ભાંગના પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આસ્થા અને પરંપરાના આ સંગમ વચ્ચે ભક્તો મોડી રાત સુધી મહાદેવની ભક્તિમાં લીન રહેશે.






## સુરત: ડમ્પર અને ટ્રકની અડફેટે બે મહિલાઓના કરુણ મોત

સુરત શહેરમાં ભારે વાહનો જાણે યમદૂત બનીને ફરી રહ્યા હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. આજે લસકાણા અને વેલંજા વિસ્તારમાં બે કરુણ અકસ્માતોમાં બે મહિલાઓએ જીવ ગુમાવ્યા છે. લસકાણામાં બનેલી ઘટનામાં, એક મહિલા કેનેડાથી પૌત્રીની સગાઈ પ્રસંગે સુરત આવી હતી. તેણી ૨૧ ફેબ્રુઆરીએ ઓસ્ટ્રેલિયા પોતાની પુત્રી પાસે જવાની હતી, પરંતુ ભાઈ સાથે જતી વખતે ટ્રકની અડફેટે આવતા તેમનું મોત થયું હતું. સ્થાનિક મહિલાઓએ ઓઢણીની ઝોળી બનાવી તેમને હોસ્પિટલ પહોંચાડ્યા હતા, પણ જીવ બચાવી શકાયો નહીં. બીજી તરફ, વેલંજા વિસ્તારમાં ધલુડી મંદિરે દર્શન કરીને પરત ફરી રહેલી બે મહિલાઓની એક્ટિવાને ડમ્પર ચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભીષણ હતો કે એક મહિલા ડમ્પરના ટાયર નીચે આવી ગઈ હતી અને તેનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે અન્ય એક મહિલાને ઇજાઓ પહોંચી છે. આ ઘટનાઓને પગલે સુરતના રસ્તાઓ પર ભારે વાહનોની ગતિ પર નિયંત્રણની માંગ ઉઠી છે.

## ડીંડોલી: મંદિરમાં હાથ જોડી, માફી માંગી ચોરે દાનપેટી ચોરી

સુરતના ડીંડોલી વિસ્તારમાં ચોરીનો એક એવો કિસ્સો સામે આવ્યો છે જેનો વિડિયો જોઈને તમે પણ ચોંકી જશો. અહીં એક શખ્સ માતાજીના મંદિરમાં ચોરી કરવાના ઈરાદે ઘૂસ્યો હતો, પરંતુ ચોરી કરવાની તેની પદ્ધતિ તદ્દન અલગ હતી. સીસીટીવી ફૂટેજમાં દેખાય છે કે ચોર પહેલા માતાજીની મૂર્તિ પાસે જઈને નતમસ્તક થાય છે. ત્યારબાદ તે બંને કાન પકડીને માતાજી પાસે માફી માંગે છે, જાણે કે તે કોઈ ભૂલ કરી રહ્યો હોય.

આ 'ભક્તિ' ના ડ્રામા બાદ તેણે આસપાસ જોયું અને તક મળતા જ ભારેખમ દાનપેટી ઉઠાવીને રફુચક્કર થઈ ગયો. મંદિરમાં ભક્તિ અને પાપનો આ સંગમ જોઈને ભક્તો પણ અચંબામાં છે. મંદિર પ્રશાસન દ્વારા ડીંડોલી પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે વાયરલ સીસીટીવી ફૂટેજના આધારે આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ભલે ચોરે ભગવાન પાસે માફી માંગી હોય, પણ પોલીસ હવે તેને છોડવાના મૂડમાં નથી.

## સુરત: શ્વાનના હુમલામાં ઝાંસીથી આવેલા વૃદ્ધ ગંભીર ઈજાગ્રસ્ત

સુરત શહેરમાં પાલતુ શ્વાન હિંસક બનવાની ઘટનાઓ સતત વધી રહી છે. તાજેતરની ઘટના પાંડેસરા વિસ્તારમાં બની છે, જ્યાં એક પાલતુ કૂતરાએ રસ્તા પરથી પસાર થઈ રહેલા વૃદ્ધ પર જીવલેણ હુમલો કર્યો હતો. મૂળ ઝાંસીના વતની ગ્યાસી પનુ, જેઓ માત્ર ત્રણ દિવસ પહેલા જ સુરત આવ્યા હતા, તેઓ સાંજે નોકરી પર જઈ રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના ઘટી હતી.

વૃદ્ધના જણાવ્યા અનુસાર, તેઓ રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે વ્યક્તિઓએ શ્વાનને ભડકાવ્યો હતો, જેના કારણે શ્વાને અચાનક તેમના પગમાં ગંભીર બચકા ભર્યા હતા. વૃદ્ધની બૂમો સાંભળી સ્થાનિકો દોડી આવ્યા હતા અને શ્વાનને ભગાડ્યો હતો. પગમાંથી અતિશય લોહી વહેતું હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી. પેરામેડિકલ સ્ટાફે પ્રાથમિક સારવાર આપી વૃદ્ધને સુરત સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. હજુ તો સુરતમાં પગ જમાવવાની કોશિશ કરી રહેલા આ શ્રમિક વૃદ્ધ માટે આ અકસ્માત મોટી મુસીબત બનીને આવ્યો છે.




# રાજકોટમાં મહાશિવરાત્રિની ભવ્ય શોભાયાત્રા: શિવ તાંડવનું આકર્ષણ

